॥ सुयं मे आउसं ॥

શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

વિક્રમ સંવત ૨૦૭૯ • વર્ષ-૬ • અંક-૩ • ફેબ્રુઆરી ૨૦૨૩

## પ્રાચીન ભારતીય વિદ્યાપીઠો-અમૂલ્ય જ્ઞાનના ભંડારો


**- પ્રશાંત પોળ**

ઈ. સ. ની દસમી સદીમાં અર્થાત ઈ.સ.૧૦૦૦માં વિશ્વની આર્થિક શક્તિનું સૌથી મોટું કેન્દ્ર ભારત હતું. વિશ્વના વેપારમાં એકલા ભારતનો હિસ્સો ૨૯ ટકા કરતાં વધુ હતો એવું પ્રસિદ્ધ અર્થશાસ્ત્રજ્ઞ પ્રોફેસર **અંગસ મેડિસ**ને લખી રાખ્યું છે. (હાલમાં વૈશ્વિક વ્યાપારમાં ૧૪.૪ ટકાની હિસ્સેદારી ધરાવતો ચીન દેશ પ્રથમ ક્રમે છે. એનો જ અર્થ કે વેપારની બાબતમાં ભારતનો વિક્રમ હજી કોઈ તોડી શક્યું નથી.) 'બેરેનાઈક' યોજના દરમિયાન ભારતના વિશ્વના અન્ય દેશો સાથેના વેપારના અનેક પ્રત્યક્ષ પૂરાવા પ્રાપ્ત થયા છે. એનો જ અર્થ એવો થાય કે, આપણા દેશની નિકાસક્ષમતા પ્રચંડ હતી. ફક્ત ભારતમાંથી મંગાવેલી વસ્તુઓની આયાત કરવાથી મળતાં 'કમિશન'થી જ યુરોપનાં શહેરો સમૃદ્ધ થઇ રહ્યા હતાં, એવું યુરોપિયન ઇતિહાસકારે નોંધ્યું છે, લખી રાખ્યું છે. અર્થાત્ તે સમયે ભારતમાં એવા સક્ષમ માણસો, તંત્રજ્ઞો, કામદારો, કુશળ કારીગરો, વ્યાપારીઓ, સંશોધકો હશે, તેથી જ વૈશ્વિક વ્યાપારમાં ભારત મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી શક્યું હતું. જો આવા કુશળ, નિપુણ, બુદ્ધિમાન માણસો ભારતમાં હતા તો તેમને એવી તાલીમ કોણે આપી હશે? તેમનાં પ્રશિક્ષણની વ્યવસ્થા તે જમાનામાં કેવી હશે? એવા અનેક પ્રશ્નો નિર્માણ થાય છે.

અંગ્રેજ ઇતિહાસકારોએ એવો આભાસ નિર્માણ કરી મૂક્યો છે કે- તેમણે જ ભારતમાં શિક્ષણની શરૂઆત કરી, શાળાઓ બનાવી, કોલેજો શરૂ કરાવી. અંગ્રેજોનાં ભારતમાં આગમન પહેલાં ફક્ત સંસ્કૃત ભાષાનું અને પૌરોહિત્યનું જ શિક્ષણ મળતું હતું એવી ગેરસમજ બહુ મોટા પ્રમાણમાં સમાજમાં ફેલાયેલી છે. આ ઉપરાંત અંગ્રેજોનાં આગમન પહેલાં શિક્ષણ ફક્ત બ્રાહ્મણો માટે જ અને તે પણ ફક્ત પુરુષો માટે હતું એવી ખોટી, ભૂલભરેલી, ગેરસમજ ફેલાવવામાં આવી હતી. દુર્ભાગ્યે કેટલાક ભારતીય ઇતિહાસકારો અને સમાજહિત માટે કામ કરવાનો દંભ કરતા તથાકથિત 'સેક્યુલર' લોકોએ ઇતિહાસનો તલસ્પર્શી અભ્યાસ કર્યા વગર અંગ્રેજોના વિચારોમાં પોતાની 'હા' મેળવી દીધી એમની વાતને સમર્થન આપ્યું. તેમની આ વાત સાચી હોય એવું સ્વીકારી લઇએ તો એક હજાર વર્ષ પહેલાં ભારતનો વૈશ્વિક વેપારમાં લગભગ એક તૃતીયાંશ હિસ્સો કેવી રીતે હોઇ શકે? આ બાબતે કશું જ બોલવા કોઇ તૈયાર નથી.

ઇતિહાસનો એક પછી એક પૂરાવો આપણે જેમ જેમ તપાસતાં જઈએ તેમ તેમ જે ચિત્ર આપણી સામે ઉભું થાય છે તે સાવ જુદું, ભવ્ય અને જેને માટે ગૌરવ કે અભિમાન લઇ શકાય એવું છે. મુસ્લિમ આક્રમકો અને અંગ્રેજો ભારતમાં આવ્યા તે પહેલાં આપણા દેશમાં જે શિક્ષણપદ્ધતિ ચાલતી હતી તેની તુલનામાં વિશ્વની બીજી કોઇ પણ શિક્ષણપદ્ધતિ આવી શકે તેમ નથી. આપણી શિક્ષણપ્રણાલી અજોડ અને અનન્ય હતી. અત્યંત વિચારપૂર્વક, વ્યવસ્થિત આયોજન કરેલી આ શિક્ષણપદ્ધતિ બધાં જ ક્ષેત્રોમાં જેટલું જરૂરી તેટલું જ્ઞાન અને પ્રશિક્ષણ પૂરું પાડતી હતી.

વિશ્વની પહેલી વિદ્યાપીઠ (વિશ્વવિદ્યાલય-યુનિવર્સિટી)નો આરંભ ભારતમાં થયો એ હકીકત કેટલા ભારતીયો જાણે છે? **તે કાળમાં ભારતમાં કોઇ 'અશિક્ષિત' હતું જ નહીં** એ વાત આપણે જાણીએ છીએ ખરા? આજે આપણાં બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવવા વિશ્વના જુદાજુદા દેશોમાં જાય છે. પરંતુ પ્રાચીન કાળમાં વિવિધ દેશોમાંથી વિદ્યાર્થીઓ ભારતમાં શિક્ષણ મેળવવા આવતા હતા. એક પણ ભારતીય વિદ્યાર્થી ભણવા માટે વિદેશ જતો ન હતો એ વાત કેટલા લોકો જાણે છે? એને જોઇએ તે ક્ષેત્રનું તલસ્પર્શી જ્ઞાન આપણા દેશમાં જ ઉપલબ્ધ હતું.




પ્રસિદ્ધ સૂફી સંગીતકાર, ગાયક, કવિ અને જેને કવ્વાલીનો જન્મદાતા ગણવામાં આવે છે તે **અમીર ખુશરો** (ઈ.સ.૧૨૫૨થી ૧૩૨૫) જ્યારે ભારતની વિદ્યાપીઠમાં શિક્ષણ મેળવવા માટે આવ્યો ત્યારે ભારત પર મુસ્લિમ આક્રમકોનાં આક્રમણ થઇ તેમનું વર્ચસ્વ સ્થાપિત થવાનો પ્રારંભ થઇ ગયો હતો. સ્વાભાવિક રીતે જ તે ભારતીય વિદ્યાપીઠોની અવનતિનો કાળ હતો. પણ છતાં અમીર ખુશરોએ ભારતીય શિક્ષણ અંગે અને અહીંની વિદ્યાપીઠો વિશે જે લખી રાખ્યું છે તે અદ્વિતીય છે. ભારતીય શિક્ષણપદ્ધતિની તેણે ખૂબ જ પ્રશંસા કરી છે.

બાળકોની 'અરબી-સરસ અને ચમત્કારિક' વાર્તાઓનો નાયક **હારૂન અલ રસીદ** ઘણાં વર્ષો પહેલા ઈ.સ.૭૫૪થી ઈ.સ.૮૪૯ના સમયગાળામાં થઈ ગયો. તેણે અને અરબી સુલતાન **અલ મન્સુરે** ભારતીય વિદ્યાપીઠના હોંશિયાર વિદ્યાર્થિઓને પોતાને ત્યાં લઈ આવવા માટે દૂત મોકલ્યા હતા એવી નોંધ ઘણી જગ્યાએ મળી આવે છે. ભારતમાં થયેલો આ સૌથી પહેલો 'કેમ્પસ ઇન્ટરવ્યુ' કહી શકાય. લગભગ ૧૨૦૦ વર્ષ પહેલાંનો...!

મુસ્લિમ આક્રમકો ભારતમાં આવ્યા તે પહેલાં ભારતમાં પરિપૂર્ણ શિક્ષણપ્રણાલી હતી તેનાં અનુસંધાનમાં અનેક પૂરાવા ઉપલબ્ધ છે. છોકરો કે છોકરીને આશરે આઠ વર્ષની ઉમ્મર સુધી ઘરમાં શિક્ષણ અપાતું. આઠમા વર્ષે એમનો ઉપનયન સંસ્કાર થયા પછી તેમને ગુરુકુળમાં અથવા ગુરુને ઘેર મોકલવામાં આવતા. અહીં 'ગુરુ' એટલે ફક્ત સંસ્કૃત શીખવનારા ઋષિ એટલો જ મર્યાદિત અર્થ થતો નથી. ગુરુ એ જે તે ક્ષેત્રનો નિષ્ણાત, દિગ્ગજ માણસ હતો. સમુદ્રકિનારે વસતાં અનેક કુટુંબોનાં બાળકો જહાજ બનાવનારા ગુરુને ત્યાં જઈ જહાજબાંધણીનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવતા. એ જ રીતે ધનુર્વિદ્યા, મલ્લવિદ્યા, લુહારકામ, વાસ્તુવિદ્યા, જેવાં વિવિધ ક્ષેત્રોમાં જે તે નિષ્ણાત વ્યક્તિ (ગુરુ)પાસે જઈ વિદ્યાર્થી પાયાનું જ્ઞાન મેળવતો, પ્રાયોગિક જ્ઞાન આત્મસાત કરતો. જે તે ક્ષેત્રનું જ્ઞાન વિદ્યાર્થી સતત ૮થી ૧૦ વર્ષ મેળવીને વિષયનો પારંગત બનતો. ત્યાર પછી તેમાંથી થોડા વિદ્યાર્થીઓ વિદ્યાપીઠમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા જતા. આ વિદ્યાપીઠમાં જુદાં જુદાં શાસ્ત્રો અને કળાઓ શીખવવાની વ્યવસ્થા હતી. આગળ જતાં મુસલમાન આક્રમકોએ આ વિદ્યાપીઠો નષ્ટ કરી. પરિણામે ઈ.સ.૧૨૦૦થી ૧૩૦૦ પછી આ વિદ્યાપીઠો નામશેષ બની ગઈ. ફક્ત ગુરુગૃહે

જઈ શિક્ષણ પ્રાપ્ત કરવાની પ્રથા મહદંશે કાયમ રહી.

શિક્ષકો અથવા ગુરુઓની એક લાંબી પરંપરા હતી, જે સૈકાઓથી ચાલતી આવી હતી. આચાર્ય, ઉપાધ્યાય, ચરક, ગુરુ, યૌજનાસાતિકા, શિક્ષક જેવી જુદી જુદી પદવીઓ, નામો 'ગુરુ' માટે પ્રચલિત હતાં.

વિદ્યાપીઠોમાં શિક્ષણસત્રના આરંભનો તથા સત્રસમાપ્તિનો મોટો ઉત્સવ ઊજવાતો. સત્રના આરંભના ઉત્સવને **'ઉપકર્ણમન'** અને સત્રના અંતે ઉજવાતા ઉત્સવને **'ઉત્સર્ગ'** કહેવાતો. પદવીદાન સમારંભને (જેને આપણે ગ્રેજ્યુએશન સેરેમની કહીએ છીએ) ત્યારે **'સમવર્તના'** કહેતાં. રજાના દિવસો માટે **'અનધ્યાય'** શબ્દનો ઉપયોગ થતો. સમગ્ર વર્ષ દરમિયાન મુખ્ય અનધ્યાયના દિવસો આ પ્રમાણે હતા, મહિનામાં આવતી બે આઠમ, બે ચૌદશ, અમાસ, પૂનમ અને ચાતુર્માસનો છેલ્લો દિવસ. આ નિત્ય અનધ્યાયદિન ઉપરાંત પ્રાસંગિક અનધ્યાય પણ હતો અર્થાત્ આજની જેમ રવિવારની રજા જેવી કોઈ ભાંજગડ ન હતી. ભારતીય સંસ્કૃતિનો પ્રચારપ્રસાર જે દેશોમાં થયો તેવા દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોમાં, દા.ત. લાઓસ, કંબોડિયા, જાવા-સુમાત્રા (ઈન્ડોનેશિયા), સયામ,(થાઈલેંડ). વગેરે દેશોમાં થોડા વર્ષો પહેલા સુધી અનધ્યાયના દિવસો પ્રાચીન ભારતીય શિક્ષણપદ્ધતિ પ્રમાણે જ હતા.

**તક્ષશિલા વિદ્યાપીઠ**

તક્ષશિલાને વિશ્વનું પ્રથમ વિશ્વવિદ્યાલય ગણવામાં આવે છે. આજનાં પાકિસ્તાનમાં (રાવલપિંડીથી ૧૮ માઈલ ઉત્તરમાં) આવેલી આ વિદ્યાપીઠની સ્થાપના ઈ.સ.પૂર્વ ૭૦૦ વર્ષ પહેલા થઇ હતી. આગળ જતાં ઈ.સ.૪૫૫માં પૂર્વ યુરોપના આક્રમણકારીઓએ અર્થાત્ હૂણ લોકોએ તે વિદ્યાપીઠ નષ્ટ કરી. આ વિશ્વવિખ્યાત વિદ્યાપીઠે આશરે બારસો વર્ષ જ્ઞાનદાનનું કામ સાતત્યપૂર્વક કર્યું. શ્રેષ્ઠ આચાર્યોની પરંપરા નિર્માણ કરી. અનેક ખ્યાતનામ વિદ્યાર્થીઓ આપ્યા.



તક્ષશિલા વિદ્યાપીઠ બંધ થયા પછી થોડા વર્ષમાં જ મગધ રાજયમાં(આજના બિહારમાં) નાલંદા વિદ્યાપીઠની સ્થાપના થઈ. આ બંને વિશ્વવિખ્યાત વિદ્યાપીઠો એક જ સમયે કયારેય કાર્યરત ન હતી.

એમ કહેવાય છે કે તક્ષશિલા નગરીની સ્થાપના ભરતે પોતાના પુત્ર **'તક્ષ'**નાં નામ પરથી કરી. આગળ જતાં અહીં જ વિદ્યાપીઠની સ્થાપના થઈ. જાતકકથામાં તક્ષશિલા વિદ્યાપીઠ અંગે ઘણી માહિતી મળે છે. આ કથામાં ૧૦૫ જગ્યાએ આ વિદ્યાપીઠનો ઉલ્લેખ આવે છે. તે સમયમાં અર્થાત્ એક હજાર વર્ષ તક્ષશિલા સંપૂર્ણ ભરતખંડની બૌદ્ધિક રાજધાની હતી. તેની આ ખ્યાતિ સાંભળીને જ **'ચાણક્ય'** જેવી વ્યક્તિ મગધ (બિહાર)થી આટલે દૂર તક્ષશિલા વિદ્યાપીઠમાં આવી. બૌદ્ધ ગ્રંથ **'સુસીમ જાતક'** અને **'તેલપત્ત'**માં તક્ષશિલાથી કાશી વચ્ચેનું અંતર ૨૦૦૦ ગાઉ દર્શાવ્યું છે.

ઈ.સ.નાં પાંચસો વર્ષ પહેલાં, જ્યારે 'ચિકિત્સાશાસ્ત્ર'નું નામ પણ આખી દુનિયામાં કોઈ જાણતું ન હતું ત્યારે તક્ષશિલા વિદ્યાપીઠને ચિકિત્સાશાસ્ત્રનું સૌથી મોટું કેન્દ્ર ગણવામાં આવતું હતું. અહીં ચિકિત્સાવિદ્યાના સાંઇઠ (૬૦)થી વધારે વિષયો શીખવવામાં આવતા હતા. એક સાથે ૧૦૫૦૦ વિદ્યાર્થીઓને શીખવવાની સુવિધા (વ્યવસ્થા) હતી.

તક્ષશિલા વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની ઉજ્જવળ પરંપરા રહી છે.

- આ વિદ્યાપીઠની સ્થાપના થયા પછી અર્થાત ઈ.સ.પૂર્વ ૭૦૦ વર્ષ, અહીંથી અધ્યયન પૂર્ણ કરીને બહાર ગયેલા પહેલા પ્રસિદ્ધ વિદ્યાર્થી એટલે **પાણિનિ**. જેમણે સંસ્કૃત ભાષાનું વ્યાકરણ તૈયાર કર્યું.
- ઈ.સ. પૂર્વ છઠ્ઠી સદીમાં ચિકિત્સાશાસ્ત્ર શીખેલો **'જીવક'** અથવા **જીબાકા** નામનો વિદ્યાર્થી આગળ જતાં મગધ રાજવંશનો રાજવૈદ્ય બન્યો. તેણે આ ક્ષેત્રમાં અનેક ગ્રંથો લખ્યા છે.
- ઈ.સ. પૂર્વ ચોથી સદીમાં થઇ ગએલો અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી **'ચાણક્ય'** જે આગળ જતા **'કૌટિલ્ય'** નામે પ્રસિદ્ધ થયો.

ચીની યાત્રી અને વિદ્યાર્થી **ફાહ્યાન** ઈ.સ. ૪૦૫માં તક્ષશિલા વિદ્યાપીઠમાં પ્રવેશ્યો. આ સમયગાળો વિદ્યાપીઠની પડતીનો હતો. પશ્ચિમ તરફનાં આક્રમણો પ્રતિદિન વધતાં જ ગયાં અનેક આચાર્યો વિદ્યાપીઠ છોડી ગયા. ફાહિયાનને અહીં વધુ જ્ઞાન પ્રાપ્ત થઇ શક્યું નહીં એમ તેણે લખ્યું છે. આગળ જતાં સાતમી સદીમાં તક્ષશિલા સંબંધી વર્ણન સાંભળીને બીજો એક ચીની યાત્રી **'યુવાનચ્વાંગ'** ત્યાં ગયો તો ત્યાં તક્ષશિલામાં ચાલતા વિદ્યાભ્યાસની કોઈ નિશાની પણ જોવા મળી નહીં. સંપૂર્ણ વિદ્યાપીઠનો નાશ થઇ ગયો હતો.

**નાલંદા વિદ્યાપીઠ**

હૂણ આક્રમણકારોએ જે સમયે તક્ષશિલા વિદ્યાપીઠ ઉધ્વસ્ત કરી નાખી, તે પછીના થોડા જ સમયગાળામાં મગધ સામ્રાજ્યમાં નાલંદા વિદ્યાપીઠનો પાયો નંખાયો. મગધના મહારાજા **શકાદિત્યે** (અર્થાત્ ગુપ્તવંશીય સમ્રાટ્ **કુમારગુપ્ત** ઈ.સ. ૪૧૫ થી ૪૫૫) પોતાનાં અલ્પ સમયનાં શાસનકાળમાં નાલંદા વિદ્યાપીઠનો સર્વાંગીણ વિકાસ કર્યો. તેમણે શિક્ષણનાં નાનકડાં બીજરૂપે સ્થપાયેલી નાલંદા શિક્ષણસંસ્થાને વિદ્યાપીઠરૂપી વૃક્ષમાં પરિવર્તિત કરી. આ વિદ્યાપીઠનું શરૂઆતનું નામ **'નલ વિહાર'** હતું. ઈ.સ.૧૧૯૭માં **બખ્તિયાર ખીલજી**એ આ વિદ્યાપીઠને બાળી નાખી ત્યાં સુધીનાં ૭૦૦ વર્ષ જેટલા લાંબા સમયગાળામાં નાલંદા વિદ્યાપીઠ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ વિદ્યાપીઠ તરીકે પંકાયેલી હતી.

આ વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે કપરી પરીક્ષા પાસ કરવી પડતી. અનેક દુર્લભ અને અપ્રાપ્ય ગ્રંથોનો વિપુલ ભંડાર આ વિદ્યાપીઠમાં હતો. ચીની યાત્રી **'હ્યુએન ત્સાંગે'** અહીં દસ વર્ષ સુધી રહી અભ્યાસ કર્યો હતો. તેના ગુરુ **શીલભદ્ર** આસામના રહેવાસી હતા. હ્યુએન ત્સાંગે નાલંદા વિદ્યાપીઠનાં ભરપેટ વખાણ કર્યાં છે. ત્યાં અપાતાં શિક્ષણ અંગે ઘણો સારો અભિપ્રાય આપ્યો છે.

નાલંદા વિદ્યાપીઠ એ અનેક ઇમારતોનું એક મોટું સંકુલ હતું. એમાંનાં પ્રમુખ ભવનોનાં નામ **રત્નસાગર, રત્નોદધિ** અને **રત્નરંજક** હતાં. સૌથી વધુ ઉંચું વહીવટી ભવન કે પ્રશાસકીય ભવન હતું જે **'માન મંદિર'** તરીકે ઓળખાતું હતું.



**વિક્રમશિલા વિદ્યાપીઠ**

આઠમી સદીમાં બંગાળના પાસ વંશીય રાજા **ધર્મપાલે** આ વિદ્યાપીઠની સ્થાપના આજનાં બિહારમાં કરી હતી. આ વિદ્યાપીઠ અંતર્ગત છ વિદ્યાલયો હતાં દરેક વિદ્યાલયમાં ૧૦૮ શિક્ષક હતા. દસમા દાયકાના તિબેટના પ્રસિદ્ધ લેખક **તારાનાથે** આ વિદ્યાપીઠનું વિસ્તૃત વર્ણન કરેલું છે. આ વિદ્યાપીઠના દરેક દરવાજા માટે પ્રમુખ આચાર્યની નિમણૂક થઇ હતી. નવા પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની આ આચાર્ય પરીક્ષા લેતા હતા. તેમની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને જ વિદ્યાપીઠમાં પ્રવેશ મળતો હતો. એ આચાર્યોનાં નામ આ પ્રમાણે છે. પૂર્વ દ્વાર- **પં. રત્નાકર શાસ્ત્રી**, પશ્ચિમ દ્વાર- **વર્ગેશ્વરકીર્તિ**, ઉત્તરી દ્વાર- **નારોપંત** અને દક્ષિણી દ્વાર- **પ્રજ્ઞાકર મિત્રા** એ પૈકી **નારોપંત** મહારાષ્ટ્રમાંથી આવેલા હતા. **આચાર્ય દીપક** એ વિક્રમશિલા વિદ્યાપીઠના સૌથી વધુ પ્રસિદ્ધિ પામેલા આચાર્ય થઈ ગયા.

બારમી સદીમાં અહીં ત્રણ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. આ સમય વિદ્યાપીઠની પડતીનો કાળ હતો. ભારતમાં પૂર્વ અને દક્ષિણમાં મુસલમાન આક્રમણકારીઓ પહોંચી ચૂક્યા હતા. જ્યાંથી મળે ત્યાંથી જ્ઞાનનાં સાધનો અને સ્થાનો નષ્ટ કરી રહ્યા હતા. તેથી ખોદકામમાં જે અવશેષો મળી આવ્યા છે તે પરથી એવું ધ્યાનમાં આવે છે કે આ વિદ્યાપીઠના મોટા સભામંડપમાં આઠ હજાર લોકો માટે એક સાથે બેસવાની વ્યવસ્થા હતી.

આ વિદ્યાપીઠમાં પરદેશી વિદ્યાર્થીઓમાં તિબેટના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધારે હતી. તેનું એક કારણ એ હતું કે બૌદ્ધ ધર્મના 'વજ્રયાન' સંપ્રદાયના અભ્યાસનું આ મહત્ત્વનું અને અધિકૃત કેન્દ્ર હતું.

નાલંદા વિદ્યાપીઠ ઉધ્વસ્ત થયા પછી આશરે છ (૬) વર્ષ પછી અર્થાત્ ઈ.સ.૧૨૦૩માં નાલંદા વિદ્યાપીઠને બાળી નાખનારા બખ્તિયાર ખીલજીએ જ આ વિદ્યાપીઠને પણ બાળી નાખી.



**ઉદ્દયંતપૂર વિદ્યાપીઠ**

પાલ વંશની સ્થાપના કરનારા રાજા **ગોપાળે** આ વિદ્યાપીઠની સ્થાપના બૌદ્ધ વિહારરૂપે કરી હતી. તેનાં વિશાળ ભવ્ય મહાન-ભવન જોઇને બખ્તિયાર ખીલજીને એવું જ લાગ્યું કે આ એક કિલ્લો છે. તેથી તેણે તેના પર આક્રમણ કર્યું. સમયસર સૈનિકોની મદદ મળી નહીં. ફક્ત વિદ્યાર્થીઓ અને આચાર્યો જ બખ્તિયાર ખીલજી સામે ઝઝૂમ્યા, પરંતુ બધા જ મૃત્યુ પામ્યાં.

**સુલોટગી વિદ્યાપીઠ**

કર્ણાટકના વિજાપુર જિલ્લાની આ મહત્ત્વની વિદ્યાપીઠ. ૧૧મી સદીના અંતે તેની સ્થાપના થઇ. જ્યારે **રાષ્ટ્રકૂટ**નું શાસન હતું ત્યારે **કૃષ્ણ(તૃતીય)** નામના રાજાના મંત્રી નારાયણે આ વિદ્યાપીઠ બંધાવી. પરંતુ વિદ્યાપીઠ તરીકે કોઈ શૈક્ષણિક કામગિરી શરૂ કરે તે પહેલાં જ તેની ઉપર મુસલમાન આક્રમણકારોએ કબજો કરી લીધો. સંપૂર્ણ વિદ્યાપીઠને નષ્ટ કરી. અહીંનું **પવિટ્ટાગે** નામનું સંસ્કૃત મહાવિદ્યાલય ટૂંકા ગાળામાં જ સંસ્કૃત શિક્ષણને કારણે પ્રસિદ્ધિ પામ્યું હતું. આખા દેશમાંથી પસંદગી પામેલા ૨૦૦ વિદ્યાર્થીઓને ભોજન-નિવાસ સાથે શિક્ષણ આપનારી આ વિદ્યાપીઠ પોતાની આગવી વિશેષતા ધરાવતી હતી.

**સોમપુર મહાવિહાર**



બાંગ્લાદેશના નવગામ જિલ્લાનાં બાદલગાઝી તાલુકામાં પહાડપુર ગામમાં **મહાવિહાર** માટે સ્થાપિત થયેલું આ શિક્ષણકેન્દ્ર આગળ જતાં વિદ્યાપીઠમાં પરિવર્તિત થયું અને વિકસિત થયું. પાલવંશમાં થયેલા રાજા **ધર્મપાલદેવે** ૮મી સદીના અંતમાં આ વિહારધામનું નિર્માણ કર્યું. વિશ્વનો સૌથી મોટો બૌદ્ધ વિહાર કહી શકાય એવી તેની રચના હતી. ચીન, તિબેટ, મલેશિયા, જાવા, સુમાત્રાના વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા આવતા હતા. દસમી સદીમાં થઈ ગયેલા પ્રસિદ્ધ વિદ્વાન **અતિશ દીપશંકર શ્રીજ્ઞાન** એ આ જ વિદ્યાપીઠના આચાર્ય હતા.

**રત્નાગિરી વિદ્યાપીઠ, ઓરિસ્સા**

છઠ્ઠી સદીમાં બૌદ્ધ વિહાર રૂપે સ્થપાયેલું આ સ્થાન આગળ જતાં શિક્ષણનું મોટું કેન્દ્ર બન્યું. તિબેટના અનેક વિદ્યાર્થીઓ અહીં રહીને અધ્યયન કરી ગયા. તિબેટના ઇતિહાસમાં આ વિદ્યાપીઠનો ઉલ્લેખ **'કાળચક્ર તંત્રનો વિકાસ કરનારી વિદ્યાપીઠ'** તરીકે કરવામાં આવ્યો છે, કારણ કે અહીં ખગોળશાસ્ત્રનો અભ્યાસ વિશેષરૂપે કરવામાં આવતો હતો.

અખંડ ભારતના અક્ષરશઃ ખૂણેખાંચરે આવાં અસંખ્ય શિક્ષણકેન્દ્રો કાર્યરત હતાં. નાનાં નાનાં વિદ્યાકેન્દ્રો, એટલા બધાં હતા કે જેની કોઇ ગણતરી જ થઇ શકે તેમ નથી.

જબલપુરમાં ભેડાઘાટમાં **ચોસઠ યોગિનીનું મંદિર** આવેલું છે. તેને **'ગોલકી મઠ'** તરીકે પણ ઓળખવામાં આવે છે. આ 'ગોલકી મઠ' નો ઉલ્લેખ **'મલકાપુર પિલર'** તરીકે પ્રસિદ્ધ થયેલાં ખોદકામમાં થયેલો છે.

'મટમાયુરવંશ' એ કલચુરી વંશમાંનો જ એક છે. આ વંશના **યુવરાજદેવે (પ્રથમે)** આ મઠની સ્થાપના કરી છે. મૂળમાં આ તાંત્રિક અને અન્ય વિષયો શીખવતું વિદ્યાલય હતું. આ ગોલકી મઠ અર્થાત્ આ વિદ્યાપીઠનાં નિયંત્રણ હેઠળ બીજાં અનેક વિદ્યાલયો આંધ્રપ્રદેશમાં ચાલી રહ્યાં હતાં.

બંગાળમાં **'જગદ્દલ'** આંધ્રપ્રદેશમાં **'નાગાર્જુનકોંડા'** કાશ્મીરમાં **'શારદાપીઠ'**, તામિલનાડુમાં **'કાંચીપુરમ્'** ઓરીસ્સાનું **'પુષ્પગિરિ'** ઉત્તરપ્રદેશનું **'વારાણસી'** .... એવાં અનેક નામો ગણાવી શકાય. આ બધાં જ્ઞાનમંદિરો હતાં, જ્ઞાનપીઠો હતી. અત્યંત પછાત વિસ્તારમાં પણ બધાને શિક્ષણ મળે એવી વ્યવસ્થા હતી. સંસ્કૃત એ ફક્ત રાજભાષા જ ન હતી, લોકબોલી પણ હતી. (બોલી ભાષા) પુરુષપુરથી (પેશાવરનું પ્રાચીન નામ) માંડીને કંબોડિયા, લાઓસ, જાવા, સુમાત્રા સુધી સંસ્કૃત ભાષા જ બોલાતી હતી. ઇ.સ.પૂર્વે સો-બસો વર્ષથી લઈને ઇ.સ.ની ૧૧ મી સદી સુધી આ સંપૂર્ણ ભૂભાગ પર સંસ્કૃતભાષા રાજભાષા અને બોલીભાષા તરીકે પ્રચલિત હતી. ભારતીય વિદ્યાપીઠોની કીર્તિ વિશ્વભરમાં પ્રસરેલી હતી. શિક્ષણક્ષેત્રમાં ભારતનું સમગ્ર વિશ્વમાં સર્વોચ્ચ સ્થાન હતું, અને તેથી જ વ્યાપારમાં પણ મોખરાનું સ્થાન હતું.

આજે આ બધી વાતો પરીકથા જેવી લાગે છે. એક હજાર વર્ષનાં મુસ્લિમ અને બ્રિટિશ શાસનને લીધે વિશ્વને જ્ઞાન આપતાં આપણે આપણું સમૃદ્ધ જ્ઞાન તો ભૂલી જ ગયા છીએ પરંતુ શિક્ષણની બાબતમાં પણ પાછળ રહી ગયા છીએ.

શિક્ષણના આપણા સમૃદ્ધ વારસાની યાદ અપાવવા માટે પાશ્ચિમાત્ય ચિંતકો અને સંશોધકોની મદદની જરૂર લાગે છે એ જ આપણી સૌથી મોટી શોકાંતિકા છે.....

(**પ્રકાશ પોળ**નાં **'ભારતીય જ્ઞાનનો ખજાનો'** આ પુસ્તકમાંથી સાભાર)

## સમાચાર



તા. ૪-૧૨-૨૦૨૨ના દિવસે સન્મતિ તીર્થ વિદ્યાપીઠ, અરિહંત જાગૃતિ મંચ, જૈન વિચાર મંચ અને શ્રુતિ મંડળના ૫૫ વિદ્વાન શ્રુતભવન અવલોકનાર્થ પધાર્યા.

તા. ૧૬-૧૧-૨૨ના દિવસે બડા ઉપાશ્રય બીકાનેર, સત્યસાધના કેંદ્ર, નાલ (બીકાનેર), સત્યસાધના કેંદ્ર કોલકાતાના ટ્રસ્ટી તથા પૂ. આ. શ્રી **જિનચંદ્રસૂરિજી** મ.ના ભક્ત શ્રીમાન **સુરેંદ્રજી ડાગા** શ્રુતભવન પધાર્યા.

તા. ૨૧/૨૨-૦૧-૨૦૨૩ના દિવસે અમદાવાદમાં શ્રુતરત્નાકર અને જૈના (અમેરિકા) દ્વારા 'ક્ષમા' વિષય આધારિત વર્લ્ડ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. તેમાં ૩૨ જેટલા પેપર્સ પ્રસ્તુત થયા હતા. પહેલા દિવસે પૂ. આચાર્ય ભગવંત શ્રી **નંદિઘોષસૂરિજી** મ.સા.ની નિશ્રામાં શ્રુતભવન દ્વારા પ્રકાશિત નવ શાસ્ત્રોનું સંઘાર્પણ થયું. આ સમયે ગુજરાત વિદ્યાપીઠનાં ઉપકુલપતિ પ્રો. ડૉ. **હિમાંશુ પંડ્યા**, જૈનાના પૂર્વ અધ્યક્ષ શ્રી **દિલીપ શાહ**, જૈનાના ચેઅરમન શ્રી **હરેશ શાહ**, મુંબઈ યુનિવર્સિટીના ડૉ. **બિપિન દોશી**, શ્રી **વિજયકુમાર જૈન**, શ્રી **અનેકાંતકુમાર જૈન**, શ્રી **ધરમચંદ જૈન**, શ્રી **અભય દોશી, સેજલ શાહ, શ્રી યતિન પંડ્યા** અને શ્રી **ભૂપેશ શાહ** આદિ માન્યવર ઉપસ્થિત હતા.



## કાર્યવિવરણ

**શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ** અંતર્ગત **લોકપ્રકાશ, ઉપા. શ્રીવિનયવિજયજી કૃતિસંગ્રહ, પં. શ્રી નેમકુશલજી કૃતિસંગ્રહ, છંદોરત્નાવલી, માલાપિંગલ, છંદસ્તત્ત્વ** અને **સિદ્ધસેનદિવાકર કથા**નું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. શ્રી **મધુરહંસાશ્રીજીમ. કેશવદાસ બાવની, બોધબાવની** અને **શબ્દપરમાર્થ વચનિકા** આદિનું લિપ્યંતર કરે છે. પૂ. સા. શ્રી **ધન્યહંસાશ્રીજી** મ. **આસ્તિક-નાસ્તિક સંવાદ**નું લિપ્યંતર કરે છે. અભ્યાસ વર્ગ પ્રકલ્પમાં વિભિન્ન લઘુ કૃતિઓનું લિપ્યંતર ચાલુ છે.

**વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પ** અંતર્ગત પૂ. આ શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ શ્રી **હેમહંસસૂ.** મ.સા., પૂ. આ શ્રી **તીર્થભદ્રસૂ.** મ.સા., પૂ. પં શ્રી **ત્રિલોકવલ્લભવિ.** મ.સા.,પૂ. મુ. શ્રી **ઉદયરત્નવિ.** મ., પૂ. મુ. શ્રી **શીલચંદ્રવિ.** મ.,પૂ. મુ. શ્રી **સુયશચંદ્રવિ.** મ., પૂ. મુ. શ્રી **શ્રુતસુંદરવિ.** મ., પૂ. મુ. શ્રી **વિનયરક્ષિતવિ.** મ., પૂ. મુ. શ્રી **રમ્યબોધિવિ.** મ., પૂ. મુ. શ્રી **કૈવલ્યયોગવિ.** મ., પૂ. મુ. શ્રી **સૌમ્યચંદ્રવિ.** મ., પૂ. મુ. શ્રી **મુક્તિશ્રમણવિ.** મ., પૂ. મુ. શ્રી **હ્રીંકારરત્નવિ.** મ., પૂ. સા. શ્રી **આગમકિરણાશ્રીજી** મ., પૂ. સા. શ્રી **હિતગુણાશ્રીજી** મ., શ્રી **કીરિટશાહ** (મુંબઈ), શ્રી **પ્રશાંત ભુપેદ્ર જાની** (નંદુરબાર), **લવલેશ મહાજન, રોહિત ચાકોટે, કૈવલ મેહતા** (અધ્યાત્મ પરિવાર, સુરત), તથા ડૉ. **મનોજ શ્રીમાલ** (કેંદ્રિય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, હિમાચલ પ્રદેશ)ને હસ્તપ્રત સંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

શ્રી અભયજી શ્રીશ્રીમાળ (અભૂષા ફાઉંડેશન), ચેન્નઈ
શ્રી સિકંદરાબાદ ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સિકંદરાબાદ
શ્રી સુખવર્ધક કુંથુનાથ ડિવાઈન જૈન સંઘ, પુણે
શ્રી ચંદ્રપ્રભુ જૈન શ્વેતાંબર મંદિર, ચેન્નઈ
ન્યુ પૂના કોટન ફેક્ટરી પ્રા.લિ., પુણે
શ્રી વાસુભારતી ઝવેરી ટ્રસ્ટ, મુંબઈ
શ્રી સુધીરભાઈ એસ. કાપડિયા, મુંબઈ
શ્રી કુંથુનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, અમદાવાદ
શ્રી કીર્તિકુમાર ધરમચંદ ઓસવાલ, પુણે
શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મુંબઈ
શ્રી જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ, કુવાલા
શ્રી તીર્થ સામાયિક મહિલા મંડળ, ચેન્નઈ
નાનાભાડિયા જૈન સંઘ, મુંબઈ
મ્હૈસૂર મહિલા સામાયિક મંડળ, મ્હૈસૂર
સૌ. કવિતાબેન રિતેશભાઈ કોઠારી
ઓમ શાંતિ ટ્રસ્ટ, પાલિતાણા
શ્રી ઝવેરચંદ એમ. ઝવેરી, મુંબઈ
શ્રી તિલકેશ્વર પાર્શ્વનાથ મંદિર મહિલા મંડળ, ઇંદૌર
કિંજલ શાહ, બેંગલોર
શ્રી નથમલજી ગુલબાજી ગુંદેશા
શ્રી નીરવભાઈ પ્રતાપભાઈ શાહ, મુંબઈ
શ્રી ગુણ ઉપાસક પરિવાર ટ્રસ્ટ, નાશિક

## પ્રતિભાવ

ખરેખર આજે દિવસ મારી જીંદગીનો યાદગાર દિવસ છે. કુદરતે હું પૂના ટીપટોપ હોટલમાં રોકાયલો હતો પણ મુંબઈથી ભાઈશ્રીનો ફોન આવ્યો કે તમારે એક જગ્યાએ પૂના જવાનું છે. હું, ભાઈશ્રી અને જીતોના કિશોરભાઈ શ્રુતભવનમાં આવ્યાં. ખરેખર આવું ક્યારેય જોયું ન હતું કે જૈન ધર્મના આવા જૂના ગ્રંથોનું ખૂબજ સારી રીતે જતન કરીને રાખેલ છે અને જે ખરેખર આખા હિંદુસ્તાન નહીં, આખી દુનિયામાં જોવા નહીં મળે, એવું જૈનધર્મનું ગ્રંથોનું સંકલન કર્યું છે. અહીં જે સાધ્વી ભગવંત છે એમને કેટલીય લિપિમાં નવકાર લખ્યા છે. આજે ખરેખર અમે મોક્ષમાં વિચર્યા એવું લાગી રહ્યું છે.

**વસંતભાઈ ગાલિયા**
ઋણાનુબંધ ટ્રસ્ટ, પાર્લા (ઇ), મુંબઈ

## સુવાક્ય

**तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिणः।**
**स जीवति मनो यस्य मननेनैव जीवति॥**

આમ તો વૃક્ષ પણ જીવે છે,
પશુ પણ જીવે છે,
પક્ષી પણ જીવે છે
પરંતુ સાચા અર્થમાં તે જ જીવે છે
જે કોઈ વિચાર સાથે જીવે છે.

**Printed Matter**

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

To,


**From : Shrutbhavan Research Centre**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org



For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel
Shrutbhavan Pune